ગાંધીનગર સમાચાર

# મોદી અને શરીફ વચ્ચે મંત્રણા

## નરેન્દ્ર મોદી સાર્ક બેઠકમાં ભાગ લેવા માટે પાકિસ્તાન જવા તૈયાર

ઉફા,તા. ૧૦

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને પાકિસ્તાની વડાપ્રધાન નવાઝ શરીફ વચ્ચે આજે ખુબ જ સાનુકુળ અને હળવાશભર્યા વાતાવરણમાં રશિયન શહેર ઉફામાં મંત્રણા યોજાઈ હતી. મોદી અને શરીફ વચ્ચે એક વર્ષથી વધુ સમય બાદ યોજાયેલી દ્વિપક્ષીય મંત્રણામાં બને નેતાઓએ એક બીજા સાથે જોડાયેલા તમામ મુદ્દાઓ ઉપર વાતચીત કરી હતી. બંને દેશોના વડાપ્રધાનની વાતચીત આશરે એક કલાક સુધી ચાલી હતી. આ વાતચીત દરમિયાન પાકિસ્તાની વડાપ્રધાન નવાઝ શરીફે આતંકવાદને તમામ સ્વરુપમાં રોકવા, ૨૬/૧૧ મુંબઈ હુમલામાં ટ્રાયલને ઝડપી કરવા સહમતિ દર્શાવી હતી. સુનાવણીને વધુ ઝડપી કરવા અને આતંકવાદને ખતમ કરવા બંને સહમત થયા હતા. મોદી આગામી વર્ષે પાકિસ્તાન પણ જશે. બંને દેશોના વડાપ્રધાન ખુબ જ સાનુકુળ માહોલમાં મળ્યા હતા. બંને નેતાઓએ શિસ્ત મંડળની બેઠકમાં જતા પહેલા હાથ મિલાવીને ફોટા પણ પડાવ્યા હતા. લાંબી વાતચીતમાં આતંકવાદનો મુદ્દો મુખ્યરીતે છવાયો હતો. બેઠક બાદ નવાઝ શરીફે કહ્યું હતું કે, તેઓ વાતચીતથી સંતુષ્ટ છે. મોદીએ ૨૦૧૬માં ઈસ્લામાબાદમાં યોજાનાર સાર્ક શિખર બેઠકમાં ભાગ લેવા માટે નવાઝ શરીફનું આમંત્રણ સ્વીકારી લીધું હતું. ભારતના વિદેશ સચિવ એસ જયશંકરે કહ્યું હતું કે, આ વાતચીત ખુબ જ સફળ રહી છે. બંને પક્ષોએ મુંબઈ હુમલાના મામલામાં સુનાવણીને ઝડપી કરવા તૈયારી દર્શાવી છે. પાકિસ્તનને ભારત ત્રાસવાદીઓના વોઈસ સેમ્પલ ઉપર ઉપલબ્ધ કરાવશે.




બેઠકમાં એવી સહમતિ પણ થઈ હતી કે, બંને દેશોના સુરક્ષા સલાહકાર નવી દિલ્હીમાં આતંકવાદ સાથે જોડાયેલા મુદ્દા પર ચર્ચા વિચારણા કરશે. આ ઉપરાંત બીએસએફ અને પાકિસ્તાનરેંજર્સના જીડી વચ્ચે બેઠકનો પણ નિર્ણય કરવામાં આવ્યો છે. બંને દેશોએ પોતાના જેલોમાં રહેલા એક બીજાના માછીમારોને મુક્ત કરવા પણ સહમતિ દર્શાવી હતી. સંયુક્ત પત્રકાર પરિષદમાં પાકિસ્તાનના વિદેશ સચિવે કહ્યું હતું કે, બંને દેશો સારા માહોલમાં મળ્યા છે. તમામ પ્રકારના આતંકવાદની નિંદા કરવામાં આવી છે. ત્રાસવાદનો ખાત્મો બોલાવવા સહકાર કરવા પણ સહમતિ દર્શાવવામાં આવી છે. ભારતીય પ્રતિનિધિમંડળમાં રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત દોવાલ અને વિદેશ સચિવ એસ જયશંકર સામેલ રહ્યા હતા જ્યારે પાકિસ્તાની પ્રતિનિધિમંડળમાં નવાઝ શરીફના વિદેશ મામલા અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર સરકાર અઝીઝ સામેલ રહ્યા હતા. ગઈકાલે મોડી રાત્રે રશિયન પ્રમુખ વ્લાદીમીર પુતિને બ્રિક્સ ગ્રુપ ્ને એસસીઓના નેતાઓના સન્માન ડિનરનું આયોજન કર્યું હતું. આ વાતચીતમાં નરેન્દ્ર મોદીએ મુંબઈ હુમલાના માસ્ટરમાઈન્ડ જાકીઉર રહેમાન લખવી અને અન્ય ત્રાસવાદીઓના મુદ્દા પર જોરદાર અને આક્રમકરીતે રજૂઆત કરી હતી. મોદીએ સાફ શબ્દોમાં કહ્યું હતું કે જ્યાં સુધી ત્રાસવાદ અને અન્ય ત્રાસવાદીઓના મામલે પાકિસ્તાન નક્કર પગલા લેશે નહી ત્યા સુધી શાંતિપૂર્ણ અને વિશ્વાસના સંબંધ સ્થાપિત થશે નહી. બન્ને નેતાઓ વચ્ચે આશરે ૬૦ મિનિટ સુધી વાતચીત ચાલી હતી. એસસીઓ શિખર બેઠકના ભાગરૂપે આ બેઠક યોજાઈ હતી. કાઠમંડુમાં સાર્ક શિખર બેઠક દરમિયાન ગયા વર્ષે નવેમ્બર મહિનામાં મોદી અને નવાઝ શરીફ એકબીજાને મળ્યા હતા પરંતુ તેમની વચ્ચે કોઈ દ્વિપક્ષીય બેઠક યોજવામાં આવી ન હતી. મોદીની શપથવિધિ દરમિયાન ગયા વર્ષે ૨૬મી મેના દિવસે પણ દ્વિપક્ષીય બેઠક યોજાઈ હતી. બંને નેતાઓ ભેટ સોગાદોની આપલે પણ કરી હતી. મોદીએ હાલમાં જ રમઝાન પર પાકિસ્તાની વડાપ્રધાન નવાઝ શરીફને ફોન કરીને શુભેચ્છા પાઠવી હતી.

**આઇઆઇટી નિષ્ણાંત ટીમના તારણથી રાહત**

## કેદારનાથ મંદિર સામે કોઈ ખતરો રહેલો નથી : રિપોર્ટ

નવી દિલ્હી,તા. ૧૦

વિશ્વ પ્રસિદ્ધ યાત્રાધામ કેદારનાથને વર્ષ ૨૦૧૩માં આવેલા વિનાશકારી પુરના કારમે કોઈ નુકસાન થયું નથી તેવા તારણ નિષ્ણાંત ટીમે આપતા હવે ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો છે. મંદિર કેદારનાથને વર્ષ ૨૦૧૩ના વિનાશકારી પુરના કારણે કોઈ નુકસાન થયું છે કે કેમ તેમાં તપાસ કરવા માટે લાગેલી નિષ્ણાંત ટીમનો હેવાલ હવે આવી ગયો છે. જેના ભાગરૂપે તમામ શ્રદ્ધાળુઓને રાહત થાય તેવા અહેવાલ છે. ચેન્નાઈના આઈઆઈટી નિષ્ણાંતની ટીમે ચકાસણી બાદ દાવો કર્યો છે કે મંદિર સામે કોઈ પણ ખતરો તોળાઈ રહ્યો નથી. ટીમે કહ્યું છે કે તેની



આધારશીલાને કોઈ નુકસાન થયું નથી. પુરના કારણે આધારશિલાની સ્થિતીની ચકાસણી કરવા આર્કિયોલોજિકલસર્વે ઓફ ઈન્ડિયા દ્વારા નિષ્ણાંતોની ટીમને કહેવામાં આવ્યું હતુ. નિષ્ણાંત ટીમે કહ્યું છે કે મંદિર સામે ખતરો નથી. આઈઆઈટી મદ્રાસ નિષ્ણાંતોની ટીમે આ હેતુ માટે ત્રણ વખત મંદિરની મુલાકાત લીધી હતી. આ ટીમે તેમનો વચગાળાનો અહેવાલ સોંપી દીધો છે. ટીમે કહ્યું છે કે મંદિર સ્થિર છે. કોઈ ખતરો નથી. ટીમે તારણ આપતા કહ્યું છે કે મંદિરની આધારશીલાને પુરના કારણે કોઈ નુકસાન થયું નથી. એએસઆઈ ટીમને મંદિરને વ્યવસ્થિત કરવાની જવાબદારી સોંપવામાં આવી હતી. ઉત્તરાખંડમાં જુન ૨૦૧૩માં વિનાશકારી પુરની સ્થિતી સર્જાઈ હતી. આ પુરમાં ૫૭૦૦ લોકોના મોત થયા હતા. રાજ્ય સરકાર દ્વારા સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી. મોટી સંખ્યામાં લોકો લાપતા થયા હતા. એએસાઈ દ્વારા પેકિંગ સ્ટોન સહિત મોટા કામ હાથ ધરવામાં આવ્યા હતા. માળખામાં ઉંડી ચકાસણી કરવામાં આવ્યા બાદ કેટલીક બાબતો તરફ ધ્યાન આપવાની જરૂરીયાત અનુભવ કરવામાં આવી હતી. નિષ્ણાંત ટીમના તારણથી લાખો શ્રદ્ધાળુઓને રાહત થઈ છે. હવે સસ્પેન્સનો પણ અંત આવી ગયો છે.

**રશિયન શહેર ઉફામાં શાંઘાઈ કો-ઓપરેશન સમિટ શરૂ થઇ**

## આતંકવાદને રોકવા એસસીઓ સાથે કામ કરવા ભારત સુસજ્જ

ઉફા,તા. ૧૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આતંકવાદ અને કટ્ટરવાદના દૂષણને રોકવા શાંઘાઈ કો-ઓપરેશન ઓર્ગેનાઈઝેશન સાથે કામ કરવાની વાત કરી હતી. રશિયન પ્રમુખ વ્લાદીમીર પુતિન દ્વારા આયોજિત બેઠકને સંબોધતા મોદીએ આ ગ્રુપમાં સામેલ થવા બદલ પાકિસ્તાનને અભિનંદન આપ્યા હતા. આ બેઠકમાં ચીની પ્રમુખ શી જિંગપિંગ પણ ઉપસ્થિત રહ્યા હતા. મોદીએ પોતાના સંબોધનમાં કહ્યું હતું કે, એસસીઓ અમારા વિઝનના મહત્વપૂર્ણ ભાગ તરીકે છે. એસસીઓને ભારત સંપૂર્ણ સહકાર ઉપલબ્ધ કરાવશે. એસસીઓમાં સામેલ થવા બદલ પાકિસ્તાનને ભારત અભિનંદન પણ આપે છે. આતંકવાદ અને કટ્ટરવાદનો રોકવાના મુદ્દા પર મોદીએ ખાસ ભાર મુક્યો હતો. મોદીએ ઉમેર્યું હતું કે, શાંતિની આધારશીલા ઉપર સમૃદ્ધિનું ભાવિ આધારિત છે. ભારત પ્રદેશમાં શાંતિ અને મિત્રતાને આગળ વધારવામાં સંપૂર્ણ યોગદાન આપશે. તેમણે એમ પણ કહ્યું હતું કે, માનવ સંશાધન વિકાસ, માહિતી અને દૂરસંચાર ટેકનોલોજી, ફાર્મા અને હેલ્થ, બેંકિંગ અને કેપિટલ માર્કેટ, માઈક્રો, સ્મોલ અને મિડિયમ ઉદ્યોગ સાહસિકો, માઈક્રો ફાયનાન્સ, ફૂડ પ્રોત્સાહન મળશે. મોદીએ ઉમેર્યું હતું કે, અમે એવા વાતાવરણ સર્જવાના પ્રયાસને ટેકો આપી રહ્યા છે જ્યાં કારોબાર અને મૂડીરોકાણ વધારે સરળ બની શકે. પ્રદેશમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર સંબંધો ખુબ જ મજબૂત છે તેમ એસસીઓની શિખર બેઠકમાં કહ્યું હતું. ૨૦૦૧માં સ્થાપિત એસસીઓમાં ચીન, કઝાકિસ્તાન, કિર્ગીસ્તાન, રશિયા, તઝાકિસ્તાન,




સિક્યુરિટીમાં ભારત તેની કામગીરીને વધુ ઝડપી બનાવશે. વધારે પારસ્પરિક સમજ અને આદાન પ્રદાનની બાબત ખુબ મહત્વપૂર્ણ છે. ખાસ કરીને યુવાનોની અંદર પારસ્પરિક સમજ ઉપયોગી સાબિત થશે. પ્રદેશમાં એકતા માટે પણ આને વિકાસમાં યોગદાન આપવા માટે ભારત સંપૂર્ણપણે તૈયાર છે. એસસીઓની પ્રવૃત્તિમાં ભારત સક્રિયપણે ભાગીદાર રહ્યું છે. ઓબ્ઝર્વર તરીકે પણ ભૂમિકા ભજવવા તૈયાર છે. એસસીઓ સાથે અમારા મૂલ્યોને અમે સમજીએ છીએ. રશિયા અને ચીન સાથે વ્યૂહાત્મક ઉઝબેકિસ્તાન સંપૂર્ણ સભ્ય તરીકે છે. ભારત, અફઘાનિસ્તાન, ઈરાન, મોંગોલિયા અને પાકિસ્તાન ઓબ્ઝર્વર તરીકે છે. બેલારુસ, તુર્કી અને શ્રીલંકા મંત્રણા ભાગીદાર તરીકે છે. મોદીએ અનેક મુદ્દા પર સ્પષ્ટ રજૂઆત કરી હતી.

## બિહાર : નિતિશ ફરીથી મુખ્યમંત્રી બનશે તો શરાબ પર પ્રતિબંધ હશે

પટણા,તા. ૧૦

બિહારમાં વિધાનસભાની ચૂંટણીમાં જીત મેળવવા માટે મુખ્યપ્રધાન નિતિશ કુમાર તમામ તાકાત લગાવી ચુક્યા છે. નિતિશ તમામ લોકો સુધી પહોંચવાના પ્રયાસ કરી રહ્યા છે. જો કે આ પ્રયાસોમાં તેમને કેટલાક અંશે સફળતા પણ મળી છે. નિતિશ કુમાર હવે જાહેરાત કરી ચુક્યા છે કે જો તેઓ ફરી સત્તામાં આવસે અને મુખ્યપ્રધાન બનશે તો રાજ્યમાં સરાબ પર પ્રતિબંધ મુકવામાં આવશે. મુખ્યપ્રધાન નિતિશ કુમાર પટણામાં એક જાહેર કાર્યક્રમમાં બોલી રહ્યા હતા. જનસભાને સંબોધતા તેમણે કહ્યું હતું કે જો તેમની સરકાર રચાશે તો રાજ્યમાં ગુજરાતની જેમ શરાબ પર પ્રતિબંધ મુકી દેવામાં આવશે. નિતિશ કુમારની આ જાહેરાતનુ સભામાં રહેલી મહિલાઓ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતુ. ગુજરાતમાં સત્તાવારરીતે છેલ્લા ૧૫ વર્ષથી શરાબ પર પ્રતિબંધ છે. મહિલા સંગઠનો બિહારમાં પણ લાંબા સમયથી શરાબ પર પ્રતિબંધ મુકવાની માંગ કરી રહ્યા છે. મહિલા સંગઠનોની માંગ છે કે નરમ એક્સાઈઝ પોલિસીના કારણે શરાબની દુકાનો ખુબ વધારે પ્રમાણમાં જોવા મળે છે. ગઈકાલે પણ નિતિશ કુમાર જ્યારે ભાષણ આપી રહ્યા હતા ત્યારે કેટલીક મહિલાઓ દ્વારા માંગ ઉઠાવવામાં આવી હતી. નિતિશ કુમારની આ જાહેરાત બાદ ભાજપે તેની પ્રતિક્રિયામાં કહ્યું હતું કે ચૂંટણીમાં જીત મેળવવા માટે નિતિશ દરેક ચાલ રમી રહ્યા છે. ભાજપના નેતા સુશીલ કુમાર મોદીએ કહ્યું હતું કે શરાબ પર પ્રતિબંધ લાગુ કરવાની યોજના છે તો વાર કેમ કરવામાં આવી રહી છે. ત્રણ મહિનાની રાહ જોવાની જરૂર શુ છે. શરાબ પર પ્રતિબંધને તરત જ લાગુ કરી શકાય છે. મોદીએ આ મુદ્દે તેમની પાર્ટીની યોજના અને વલણ શુ છે તે અંગે કોઈ વાત કરી નથી. દરેક રાજ્યમાં સ્થિતી જુદી રહે છે. ગુજરાત દેશમાં એકમાત્ર એવુ રાજ્ય છે જ્યાં શરાબ પર પ્રતિબંધ છે. જો નિતિશ શરાબ પર પ્રતિબંધ મુકે છે તો ભાજપ સંપૂર્ણ તાકાત સાથે તેનુ સમર્થન કરશે. કેરળ સરકારે આંશિકરીતે શરાબ પર પ્રતિબંધ મુક્યો છે. આ અગાઉ બિહારમાં સંપૂર્ણપણે શરાબ ઉપર પ્રતિબંધ રહી ચુક્યો છે. ૧૯૭૭માં તત્કાલિન મુખ્યમંત્રી કરપુરી ઠાકુરે શરાબ ઉપર પ્રતિબંધ મુક્યો હતો પરંતુ દોઢ વર્ષના ગાળા બાદ સમુદ્રદાસના મુખ્યમંત્રી તરીકેના ગાળા દરમિયાન શરાબ ઉપર પ્રતિબંધ હટાવી લેવામાં આવ્યો હતો. નિતિશકુમારની જાહેરાતની આરજેડી દ્વારા સ્વાગત કરવામાં આવ્યું છે. આરજેડીના રાષ્ટ્રીય પ્રવક્તા મનોજ ઝાએ માહિતી આપતા કહ્યું છે કે, નિતિશ સરકાર જે કંઈ પણ લોકહિતમાં પગલા લેવાશે તે પગલાનું સ્વાગત કરવામાં આવશે. આરજેડી માને છે કે, શરાબથી ગરીબ પરિવારમાં સૌથી વધારે નુકસાન થશે.

**પક્ષ પ્રમુખ અમિત શાહે ક્લિનચીટ આપી**

## ઈ-ટેન્ડર કૌભાંડ : પંકજા અને તાવડેને ક્લિનચીટ

મુંબઈ,તા. ૧૦

ભાજપ પ્રમુખ અમિત શાહે ઈ-ટેન્ડર કૌભાંડના સંદર્ભમાં ભાજપના બે વરિષ્ઠ પ્રધાનો વિનોદ તાવડે અને પકંજા મુંડેને ક્લિનચીટ આપી દીધી છે. ઈ-ટેન્ડર કૌભાંડને લઈને આ બંને ઉપર હાલમાં ગંભીરપ્રકારના આક્ષેપો કરવામાં આવી રહ્યા હતા પરંતુ અમિત શાહે આ બંને નેતાઓને ક્લિનચીટ આપી દીધી છે. મહારાષ્ટ્ર ભાજપની દલીલને અમિત શાહે સ્વીકારી લીધી છે. મહારાષ્ટ્ર ભાજપની એવી રજૂઆત હતી કે, વિરોધ પક્ષો અને મિડિયા દ્વારા તાવડે અને મુંડેના કેસોને બિનજરૂરીરીતે ચગાવવામાં આવી રહ્યા છે. અમિત શાહે ભારપૂર્વક કહ્યું હતું કે, પક્ષના કાર્યકરોએ બિનજરૂરી વિવાદોને લઈને હતાશ થવાની જરૂર નથી. રાજ્ય વિધાનસભાનું આગામી સત્ર આગામી સપ્તાહમાં શરૂ થઈ રહ્યું છે ત્યારે



મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસ કેબિનેટનું વિસ્તરણ કરે તેવી શક્યતા દેખાઈ રહી છે. જો કે, અમિત શાહે આ સંદર્ભમાં આગળ વધવા દેવેન્દ્ર ફડનવીસને કોઈ મંજુરી આપી છે કે કેમ તે અંગે હજુ સુધી કોઈપણ પ્રકારની માહિતી મળી શકી નથી પરંતુ મોનસુન સત્ર પહેલા પ્રધાનમંડળનું વિસ્તરણ કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. અમિત શાહનું કહેવું છે કે, પાર્ટી ટૂંકમાં જકોમ્યુનિકેશન સ્કીલ અને સંસથાકીય નેટવર્કિંગમાં ૧૫ લાખ કાર્યકરોને તાલિમ આપશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની લોકલક્ષી યોજનાઓ અંગે લોકોને માહિતી આપવા માટે કાર્યકરોને મોકલવામાં આવશે. સાથે સાથે લોકોને જરૂરી માહિતી મળે તે માટે પમ પ્રયાસ કરાશે. ભાજપ વિશ્વમાં એકમાત્ર પાર્ટી બની છે જે પક્ષના કાર્યકરોની દ્રષ્ટિએ વિશ્વની સૌથી મોટી પાર્ટી છે. શાહે એમ પણ કહ્યું હતું કે, આ એક એવી પાર્ટી છે જે આંતરિક લોકશાહીમાં વિશ્વાસ રાખે છે. એક સામાન્ય પાર્ટીના કાર્યકરો તમામ પ્રકારની ફરજને અસરકારકરીતે અદા કરવી જોઈએ. અમિત શાહે પાર્ટી લોંચ માટે ૧૧ મુદ્દાનો કાર્યક્રમ તૈયાર કરી લીધો છે જે પાર્ટીની સ્થિતિને વધુ મજબૂત કરવા પ્રયાસ કરશે. શાહે પાંચ રાજ્યોમાં વરિષ્ઠ કાર્યકરો સાથે બેઠક પણ યોજી છે.

**આઈસીઆઈસીઆઈ**

## હોમ ફાયનાન્સને ટૂંકમાં વેચે તેવી પ્રબળ વકી

મુંબઈ,તા. ૧૦

આઈસીઆઈસીઆઈ બેંક તેના હાઉસિંગ ફાયનાન્સ આઈસીઆઈસીઆઈ હોમ ફાયનાન્સને વેચવા માટેની તૈયારીમાં છે. આ ઘટનાક્રમ ઉપર નજર રાખી રહેલા વરિષ્ઠ અધિકારીઓએ આજે આ મુજબની વાત કરી હતી. ૪૪૦૦ કરોડ રૂપિયાની આસપાસ અથવા તો ૭૦૦ મિલિયન ડોલરની કિંમતમાં આઈસીઆઈસીઆઈ હોમ ફાયનાન્સને વેચવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. સિટી બેંકને ખરીદદારો શોધી કાઢવા માટેની જવાબદારી સોંપવામાં આવી છે. સિટી બેંકને આ લેવડદેવડ માટેની જવાબદારી આપીવામાં આવી છે. ત્રણ મહિના અગાઉ આ જવાબદારી માટે ઈન્વેસ્ટમેન્ટ બેંકને કહેવામાં આવ્યુંહતું. પખવાડિયા અગાઉ જ સિટી બેંકની નિમણૂંક કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. તાજેતરમાં જ આ જવાબદારી સોંપવામાં આવી હતી. ઈન્વેસ્ટમેન્ટ બેંક દ્વારા કેટલાક ખાનગી ઈક્વિટી પ્લેયર્સ અને મૂડીરોકાણકારોને રોકવામાં આવી ચુક્યા છે. કેટલાક પીઈ રોકાણકારો હાઉસિંગ ફાયનાન્સ સેક્ટરમાં એન્ટ્રી કરવા વિચારી રહ્યા છે. આઈસીઆઈસીઆઈ બેંકને સમય સમયે રસ ધરાવનાર પક્ષો તરફથી જરૂરી માહિતી મળતી રહે છે. આઈસીઆઈસીઆઈ એચએફસીમાં હિસ્સેદારીના સંદર્ભમાં પણ ફોન આવતા રહ્યા છે.

## સેંસેક્સ ૮૮ પોઈન્ટ સુધરી ૨૭૫૭૩ની નવી સપાટીએ

મુંબઈ,તા. ૧૦

શેરબજારમાં આજે કારોબારના અંતે ફરી એકવાર રિકવરી જોવા મળી હતી. કારોબારના અંતે સેંસેક્સ ૮૮ પોઈન્ટ સુધરીને ૨૭૫૭૩ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૨૮ પોઈન્ટ ઉછળીને ૮૩૫૭ની સપાટીએ રહ્યો હતો. બ્રોડર માર્કેટમાં બીએસઈ મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૦.૨ ટકાનો ઉછાળો નોંધાયો હતો. ટીસીએસના શેરમાં નબલાઈ જોવા મળી હતી. કારણ કે તેના જૂનના ત્રિમાસિક ગાળામાં આંકડો અપેક્ષા મુજબ નબળો રહ્યો હતો. કેપિટલ



ગુડ્ઝના શેરમાં મજબૂત લેવાલી જોવા મળી હતી. ટીસીએસમાં કંપનીએ નેટ નફો ૫૭૦૮.૯ કરોડનો જાહેર કર્યો હતો જેમાં ૧૨.૮ ટકાનો વધારો નોંધાયો હતો. પ્રથમ ત્રિમાસિક ગાળામાં ૫૦૫૭.૮ કરોડની સામે નેટ નફો ૫૭૦૮.૯ કરોડનો રહેતા કારોબારીઓ નિરાશ દેખાયા હતા. ટીસીએસમાં બે ટકાથી વધુનો ઘટાડો જોવા મળ્યો હતો. બીજી બાજુઅન્ય વૈશ્વિક બજારોમાં પણ ઉથલપાથલનો દોર રહ્યો હતો. ફ્યુઅલ સબસિડીને લઈને બજારમાં ચિંતાનું મોજુ રહ્યું હતું. એશિયન બજારમાં ચીની આંકડાઓની અસર જોવા મળી હતી. મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં સારી સ્થિતિ રહી હતી. મોનસુનની પ્રગતિને લઈને હાલમાં નવી હિલચાલ જોવા મળી રહી છે. બજાર ઉપર અન્ય જુદા જુદા પરિબળોની અસર જોવા મળી હતી. ગઈકાલે ગુરૂવારે કારોબારના અંતે સેંસેક્સ ૧૧૪ પોઈન્ટ ઘટી ૨૭૫૩૪ની નીચી સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૨૫ પોઈન્ટ ઘટી ૮૩૨૮ની નીચી સપાટીએ રહ્યો હતો. બીએસઈ મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૦.૩ ટકા સુધીનો ઘટાડો રહ્યો હતો. માર્કેટમાં સ્થિતિ હકારાત્મક રહી હતી. ગુરૂવારના કારોબાર દરમિયાન કુલ ૧૫૦૪ શેરમાં તેજી અને ૧૩૦૦ શેરમાં મંદી નોંધાઈ હતી. ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરો દ્વારા ૩૫૪.૩ કરોડની કિંમતના શેર વેચી દેવામાં આવ્યા હતા. બીએસઈ આઈટી અને ઓઈલ એન્ડ ગેસ ઈન્ડેક્સમાં મંદી નોંધાઈ હતી. ગઈકાલે કારના વેચાણના આંકડા જારી કરવામાં આવ્યા હતા જેમાં જૂન મહિનામાં ૧.૫ ટકાનો વધારો થયો છે. ટુ વ્હીલર્સના વેચાણમાં જૂન મહિનામાં ૩.૫૫ ટકાનો વધારો નોંધાયો છે.

**ફાઇનલમાં આજે સ્પેનિશ ખેલાડી સામે ટકરાશે**

## શારાપોવાને હરાવી સેરેના વિમ્બલ્ડન ફાઈનલમાં ઈન

લંડન,તા. ૧૦

ઓલ ઈંગ્લેન્ડ ક્લબ ખાતે રમાઈ રહેલી વિમ્બલ્ડન ટેનિસ ચેમ્પિયનશીપમાં આજે અમેરિકાની સેરેના વિલિયમ્સે તેની હરિફ ખેલાડી રશિયાની મારિયા શારાપોવા પર સીધા સેટોમાં ૬-૨ અને ૬-૪થી જીત મેળવીને ફાઈનલમાં કુચ કરી લીધી હતી. તે હવે સ્પેનની ૨૦મી ક્રમાંકિત ખેલાડી મુગુરૂઝા સામે ટકરાશે. તે પ્રથમ વખત વર્ષ ૨૦૧૨ બાદ વિમ્બલ્ડન ફાઈનલમાં પહોંચી છે. સેરેનાએ ગ્લેમર ગર્લ સામે માત્ર ૭૯ મિનિટમાં જ જીત મેળવી લીધી હતી. જેમાં ૧૩ એસ સર્વિસ અને ૨૯ વિનર્સ સામેલ છે. પાંચ વખતની વિમ્બલ્ડન ચેમ્પિયન સેરેના હવે છઠ્ઠી વખત વિમ્બલ્ડન જીતવા તરફ આગેકુચ કરી ચુકી છે. તે એંકદરે સતત સારો દેખાવ કરી રહી છ. શારાપોવા પર તે કુલ ૨૦ મેચો પૈકી ૧૮માં જીત મેળવી ચુકી છે. જે સાબિત કરે છે કે શારાપોવા પાસે સેરેના સામે કોઈ જવાબ દરમિયાન ગઈકાલે ગેસ્કેટે ફ્રેન્ચ ઓપન ચેમ્પિયન સ્ટેન વાવરિન્કા ઉપર અતિ રોમાંચક મેચમાં જીત મેળવીને સેમિફાઈનલમાં આગેકૂચ કરી લીધી હતી. આની સાથે જ તે બીજી વખત વિમ્બલ્ડન સેમિફાઈનલમાં પહોંચ્યો છે. વાવરિન્કા ઉપર પાંચ સેટ સુધી ચાલેલી મેચમાં ગેસ્કેટે ૬-૪, ૪-૬, ૩-૬, ૬-૪ અને ૧૧-૯થી જીત મેળવીને આગેકૂચ કરી હતી. વાવરિન્કા ફ્રેન્ચ ઓપન જીત્યા બાદ વિમ્બલ્ડનમાં જીતવા માટે મેદાનમાં ઉતર્યો હતો પરંતુ તે વધારે સમય સુધી ટકી શક્યો ન હતો. પુરૂષના વર્ગમાં ક્વાર્ટર ફાઈનલ મેચમાં રિચર્ડ ગેસ્કેટે સેરેના વિલિયમ્સ નવો ઈતિહાસ સર્જવાની દિશામાં આગળ વધી રહી છે. સેરેના ગ્રાન્ડ સ્લેમમાં એક પછી એક નવી સિદ્ધિઓ મેળવવાની દિશામાં આગળ વધી રહી છે. વર્ષ ૨૦૧૫માં તે ૩૮ મેચ જીતી છે અને એકમાત્ર મેચમાં તેને હારનો સામનો



સ્ટેન વાવરિન્કા પર પાંચ સેટ સુધી ચાલેલી મેચમાં જીત મેળવી લીધી હતી. વાવરિન્કા ૨૧મા ક્રમાંકિત ખેલાડી ફ્રાન્સના રિચર્ડ ગેસ્કેટ સામે રમ્યો હતો. રોજર ફેડરર અને મરે વચ્ચેની મેચ ફાઈનલ સમાન બની રહે તેવી શક્યતા છે. જો કે ફાઈનલમાં જોકોવિક અને ફેડરર રમે તેવી શક્યતા છે.

વિમ્બલ્ડન ટેનિસ ચેમ્પિયનશીપ હવે અંતિમ તબક્કામાં પ્રવેશ કરી ચુકી છે. ટોપ ચાર ખેલાડી હવે અંતિમ રાઉન્ડમાં છે. ફેડરર અને એન્ડી મરે ફાઈનલમાં પહોંચવા માટે આજે સામ સામે આવનાર છે. કરવો પડ્યો છે. ફ્રેન્ચ ઓપન, વિમ્બલ્ડનમાં જીત મેળવી તે નવો રેકોર્ડ કરવા તરફ વધી રહી છે. સેરેના વિલિયમ્સ એક કેલેન્ડર ગ્રાન્ડસ્લેમ જીતનાર ૧૯૮૮માં સ્ટેફી ગ્રાફ બાદ પ્રથમ મહિલા બનવાની દિશામાં આગળ વધી રહી છે. વિમ્બલ્ડનમાં સેરેના વિલિયમ્સનો દેખાવ છેલ્લા કેટલાક વર્ષથી સારો રહ્યો નથી પરંતુ આ વખતે તે ચેમ્પિયન બનવા માટે ઉત્સુક બનેલી છે. સેરેના ઉપર હવે તમામ લોકોની નજર કેન્દ્રિત થઈ છે. બીજી બાજુ મારિયા શારાપોવાનો દેખાવ સેમિફાઈનલ મેચમાં ખુબ જ કંગાળ રહેતા તેના ચાહકો નિરાશ થયા હતા.